મહત્તમ : ૨૭.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૮ ટકા ● સાંજે ૧૦૦ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં સપ્તાહમાં ઝાડા-ઉલ્ટીના ૨૨૮ કેસ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં ચોમાસાની સિઝન ચાલી રહી છે. ત્યારે બીજી તરફ રોગચાળો માથુ ઉંચકી રહ્યો છે. શહેરમાં પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળો વકરી રહ્યો છે. શહેરમાં ઘેર ઘેર તાવ, ઝાડા-ઉલ્ટીના કેસ જોવા મળી રહ્યા છે. જયારે શહેરની સિવિલ અને ખાનગી દવાખાનામાં મોડી રાત સુધી દર્દીઓની લાંબી લાઈનો જોવા મળે છે. ત્યારે શહેરની સિવિલની ઓપીડી બિલ્ડીંગ અને ઈન્ડોર બિલ્ડીંગ દર્દીઓથી ઉભરાઈ રહી છે. ત્યારે સિવિલમાં તા.૯ થી ૧૫ જુલાઈ દરમિયાન ઝાડા-ઉલ્ટીના-૨૨૮, કમળાના-૬, ટાઈફોઈડના-૧૮, મેલેરીયા-૯, ડેન્ગ્યુના-૪ અને સાદા તાવના ૧૯૧ તેમજ શ્વસન તંત્રના ૨૫૦ દર્દીઓ નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં ચોમાસાની શરૂઆત થતા જ રોગચાળો માથું ઉંચકી રહ્યો છે. શહેરમાં ખાણીપીણીની બિનઆરોગ્યપ્રદ ખારોકની ધમધમતી લારીઓને પગલે દર્દીઓની સંખ્યામાં વધારો થતો જોવા મળે છે. ચોમાસાની સિઝનમાં ઠેર ઠેર વરસાદી પાણીના ભરાવો અને ગંદકી, કાદવ-કિચડને પગલે મચ્છરોનો ત્રાસ વધી જવા પામે છે. ચોમાસાને પગલે મચ્છરજન્ય અને વાહકજન્ય રોગના દર્દીઓથી સિવિલ ઉભરાઈ રહી છે. શહેરની સિવિલ હોસ્પિટલમાં આવેલ ઓપીડી બિલ્ડીંગ અને ઈન્ડોર બિલ્ડીંગમાં ઝાડા-ઉલ્ટી, સાદા તાવ અને શ્વસન તંત્રના દર્દીઓ વિશેષ રૂપે જોવા મળી રહ્યા છે. તો બીજી તરફમાં શહેરમાં ઘેર ઘેર માંદગીના ખાટલા જોવા મળી રહ્યા છે. મોડી રાત સુધી ખાનગી દવાખાનામાં દર્દીઓની લાંબી કતારો જોવા મળી રહી છે. ત્યારે દર્દથી કણસી રહેલા દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. શહેરની સિવિલમાં ગત્ સપ્તાહમાં જ મેલેરીયાના-૯, ટાઈફોઈડના-૧૮, કમળાના-૬, ડેન્ગ્યુના-૪ સાદા તાવના ૧૯૧, શ્વસનતંત્રના-૨૫૦ તેમજ ઝાડા-ઉલ્ટીના ૨૨૮ કેસ નોંધાવા પામ્યા છે. ત્યારે ચોમાસાની સિઝન શરુ થતા જ આ હાલત છે ત્યારે વરસાદ અને કાદવ-કિચડ,ગંદકીને પગલે હજુ કેવી સ્થિતિ સર્જાશે તેવું જોવું રહ્યું. ત્યારે શહેરના નાગરીકોએ પણ ચોમાસાની સિઝનમાં આરોગ્યની જાળવણી કરવી ખુબ જરુરી છે.

વાતવાતમાં

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં તમે જાવ ત્યારે ઓટોમેટીકલી જ તમારા મોબાઈલ ફોન બંધ થઈ જાય છે જેમાં તમને રીંગ સંભળાય, તમે બોલો તો ફોન કરનારને સંભળાય પણ તમને જેણે ફોન કર્યો છે તેનો અવાજ સાંભળી શકો નહિ અને તમે ફોન પણ કરો તો એક જ પરિણામ આવે...

● ગાંધીનગર જિલલા પંચાયતના સરદાર હોલમાં આજે કોંગ્રેસની યોજાયેલી બેઠકમાં નેતાઓ બે કલાક મોડા પડયા હતા અને તેઓ મોડા પડવાથી કાર્યકરોની ધીરજની કસોટી થઈ હતી.

● આજે ગાંધીનગરમાં લોકસભાની અવિશ્વાસ પ્રસતાવ પરની ચર્ચામાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીનું પ્રવચન અને તે પછી પ્રધાનમંત્રી મોદીને જઈ ભેટયા તે મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો હતો.

● વરસાદી પાણીના નિકાલ માટે બધી જ સાફસફાઈ કરાઈ હોવાની વાતો ખોટી પુરવાર થતી હોય તેમ નગરમાં ઠેર ઠેર પાણી ભરાઈ ગયેલા જોવા મળ્યા હતા. વરસાદી પાણીના નિકાલ માટે તંત્રએ અસરકારક કામગીરી કરી હોય તેવું લાગતું નથી તેવું લોકો બોલતા થયા છે.

● શહેરના જુના સેકટરોમાં પુનઃ સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

● જિલ્લામાં ઓરી-રૂબેલાના રસીકરણ અભિયાનનો વિરોધ વધી રહ્યો હોવાને પગલે આરોગ્ય તંત્રના અધિકારીઓની દોડધામ વધી જવા પામી છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં સ્વભંડોળના કામોની સભ્યો દ્વારા રજુ થયેલી દરખાસ્તો વહીવટીય અને તાંત્રિક મંજૂરીમાં અટવાતા સભ્યોમાં કચવાટની લાગણી ઉભી થવા પામી છે.

● સચિવાલયમાં સનદી અધિકારીઓની બદલીના પગલે નવા અધિકારીઓ નવો પદભાર સંભાળી અને કાર્યવાહીને પુનઃ ગતિશીલ બનાવવામાં વ્યસ્ત બન્યા છે.

સે-૧૪ ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનોમાં ઉભરાતી ગટરો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં ગમે તેટલો વરસાદ વરસે પરંતુ માત્ર ગણતરીની મિનીટોમાં પાણી માર્ગો પર દેખાતુ નથી અને માર્ગ ચકાચક થઈ જાય છે. શહેરી તંત્ર દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે આગવું આયોજન કર્યું છે. ત્યારે ચોમાસામાં શહેરીજનોની હાલત કફોડી બની જવા પામે છે. શહેરના સેકટરોના રહેણાંક વિસ્તારોમાં ગટરો બેક મારતા વરસાદી પાણીના સ્થાને ગંદા પાણીના ખાબોચીયા ભરાઈ ગયા છે. સેકટર-૧૪ સરદાર પટેલ ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન પાસે ગટરો ઉભરાતા ગંદા પાણીને પગલે મચ્છરોનો ત્રાસ વધતા નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાયો છે.

શહેરના સેકટર-૧૪ માં આવેલા ગુજરાત હાઉસીંગ બોર્ડમાં બ્લોક નં-૨ એમઆઈજી ખાતે ગટરોના પાણી ઉભરાતા રહીશો ત્રાહીમામ પોંકારી ગયા છે.ગટરોના ગંદા પાણી બેક મારતા ગંદા પાણીના સરોવર ભરાયા છે. ગંદા પાણીમાંથી ફરજીયાત પસાર થવાનો વારો નાગરીકોને આવે છે. પોતાના વાહનો પણ ના છુટકે ગંદા પાણીમાં પાર્ક કરવા પડે છે. ગંદા પાણીના પગલે મચ્છરોનો ત્રાસ હાઉસીંગ બોર્ડના વિસ્તારમાં વધવા પામ્યો છે. આ વિસ્તારમાં મચ્છરજન્ય રોગચાળો ફેલાય તેવી દહેશત ઉભી થવા પામી છે. તંત્ર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા કોઈ નિવેડો આવ્યો નથી તેવું રહીશોનું કહેવું છે. ત્યારે સે-૧૪ માં રોગચાળાની ભીતી સેવાઈ રહી છે. એક તરફ ચોમાસાની સિઝન ચાલી રહી છે તેમજ રોગચાળો વકરી રહ્યો છે તેવી સ્થિતમાં ઉભરાતી ગટરો ઝડપી બંધ થાય તેમ નાગરીકો ઈચ્છી રહ્યા છે.

શાહપુર ચોકડી પાસે બેફામ જતા ડમ્પરે વૃદ્ધને કચડી નાખ્યા

મોપેડ લઈને નીકળેલા વૃદ્ધને ધસમસતા આવતા ડમ્પરે વૃધ્ધને પાછળથી ટક્કર મારી મોતને ઘાટ ઉતાર્યા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીક આવેલા રાંદેસણ ગામની એક સોસાયટીમાં રહેતા ૭૫ વર્ષીય વૃદ્ધ આજે બપોરે પોતાનું ફસીનો મોપેડ લઈને શાહપુર સર્કલથી ભાઈજીપુરા રોડ તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન તેમના મોપેડને પાછળથી ધસમસતી આવતી ડમ્પરે અડફેટે લઈ લીધું હતું. મોપેડ ડમ્પરનાં ટાયર નીચે કચડાઈ ગયું હતું અને મોપેડ ચાલક વૃદ્ધ ફંગોળાઈને પટકાતા ગંભીર રીતે ઘવાયા હતા. આ ગમખ્વાર અકસ્માતમાં વૃદ્ધનું ગંભીર ઈજાઓના કારણે ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નીપજયુ હતું. ઈન્ફોસિટી પોલીસે આ સંદર્ભે ડમ્પર ચાલક સામે ગુનો દાખલ કરી ફરાર થઈ ગયેલા આરોપીની ધરપકડ કરવા કવાયત શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર રાંદેસણ ગામના શ્રી રંગ રેસીડેન્સી ખાતે રહેતા ૭૫ વર્ષીય રવિન્દ્રભાઈ શાંતિલાલ શાહ આજે બપોરના અરસામાં ઘરેથી પોતાનું યામાહા ફસીનો મોપેડ લઈને નીકળ્યા હતા. કામ પતાવીને પરત ફરી રહ્યા હતા ત્યારે શાહપુર સર્કલ થી ભાઈજીપુરા તરફના રોડ પર સર્કલ નજીક જ તેમને જીવલેણ અકસ્માત નડયો હતો. પાછળથી ધસમસતી આવતી જીજે ૧૮ એ.જેડ ૯૦૪૭ નંબરની ડમ્પરે આગળ જતાં રવીન્દ્રભાઇના મોપેડને જબરદસ્ત ટક્કર મારી ટાયર નીચે કચડી નાખી હતી. આ અકસ્માતમાં મોપેડનું કચ્ચરઘાણ નીકળી ગયું હતું જયારે મોપેડ ચાલક રવિન્દ્રભાઈ ફંગોળાઈને રસ્તા પર પટકાયા હતા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. ગંભીર રીતે ઘવાયેલા રવિન્દ્રભાઈનું ઘટના સ્થળ ઉપર જ કમકમાટીભર્યુ મૃત્યુ નીપજયું હતું. આ ઘટનાની જાણ ઈન્ફોસિટી પોલીસને થતા પોલીસ સ્ટાફ સ્થળ પર દોડી આવ્યો હતો અને મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી મૃતકના પરિવારજનોને ઘટનાની જાણ કરી ફરાર થઈ ગયેલા આરોપી ડમ્પર ચાલક સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ માટે તજવીજ શરૂ કરી છે.

નવા સચિવાલય સામે પાર્ક થયેલી કારમાંથી ચોરી

અલ્ટો કારના દરવાજાની રીબીન કાઢીને દરવાજો ખોલી કારમાંથી ચોર રૂ.૧૦ હજાર કેશ ઉઠાવી ગયા

ગાંધીનગર, તા.૨૦

મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના મંડાલી ગામમાંથી માધવસિંહ લક્ષ્મણસિંહ ઠાકોર ૧૭ તારીખે ગાંધીનગર ખાતે નવા સચિવાલયમાં આવ્યા હતા. બપોરે સાડા બાર વાગ્યાના અરસામાં ગાંધીનગર આવીને નવા સચિવાલય ગેટ નંબર ૧ ની સામે તેમણે પોતાની ગાડી એસબીઆઈ બેન્ક પાસે પાર્ક કરી હતી. અલ્ટો ગાડી પાર્ક કરીને સચિવાલયમાં જઈ કામ પતાવીને બપોરે ત્રણ વાગ્યાના અરસામાં તેઓ પરત આવ્યા હતા. જ્યાં ગાડી પાર્ક કરી હતી ત્યાં જઈને જોયું તો તેમની ગાડીમાંથી ચોરી થઈ ગઈ હતી. કોઈ ચોરે તેમની ગાડી ને ટાર્ગેટ કરીને ગાડીના દરવાજાની રીબીન કાઢીને દરવાજો ખોલી નાખ્યો હતો અને અંદર મૂકેલા રૂપિયા દસ હજાર રોકડા તથા એક બેગ અને કેટલાક ડોક્યુમેન્ટ્સની ચોરી કરી ગઠિયો ફરાર થઈ ગયો હતો. કાર માલિકે આ મામલે સેકટર-૭ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી સીસીટીવી કેમેરાના ફૂટેજ મેળવી ચોર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

ફરાર થઈ ગયેલો કેદી પ્રકાશ ઉર્ફે ચિનો એલસીબીના હાથે ઝડપાયો

જેલમાંથી વચગાળાના જામીન પર સાત દિવસ માટે મુક્ત થયેલો ચીનો પરત ગયો ન હતો : સિવિલ હોસ્પિટલના ગેટ પાસેથી પકડાઈ ગયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરના હિસ્ટ્રીશીટર પ્રકાશ ઉર્ફે પકો ચિનો હત્યા અને ખંડણી સહિતના ગંભીર ગુનાઓમાં સેન્ટ્રલ જેલ હવાલે હતો દરમિયાન તાજેતરમાં જ સાત દિવસ માટે વચગાળાના જામીન પર આ કેદી છૂટ્યો હતો. વચગાળાના જામીનનો સમય પૂર્ણ થઈ ગયો હોવા છતાં પણ કેદી પકો ચિનો જેલમાં પરત હાજર ન થઈ ફરાર થઈ ગયોહતો. ગાંધીનગર એલસીબીની એક ટીમે બાતમીના આધારે ગઈકાલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ગેટ પાસેથી આ ફરાર આરોપીને પકડી પાડયો છે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી જેલ હવાલે કર્યો છે.

ગાંધીનગરના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા ત્રણ નામચિન આરોપીઓ પ્રકાશ ઉર્ફે પકો ચીની, મૌનિક ઉર્ફે મજનુ પટેલ અને આમીન બાદશાહ મન્સુરી પેરોલ ફર્લો તેમજ વચગાળાના જામીન ઉપરથી ફરાર થઈ ગયા છે. આ ત્રણેય આરોપીઓને પકડવા માટે ગાંધીનગર એસ. પી.

વિરેન્દ્રસિંહ યાદવ ની સૂચનાથી એલસીબીની ટીમ સક્રિય થઈ છે. દરમ્યાન ગઈકાલે પી એસ આઈ વી એમ ઝાલા તથા તેમની ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે ત્રણે ફરારી આરોપીઓ પૈકી કેદી પ્રકાશ ઉર્ફે પકો ચીની પથિકાશ્રમ નજીક સિવિલ હોસ્પિટલના ગેટ પાસે હાજર છે. આ બાતમીના આધારે સિવિલ હોસ્પિટલ પાસે જઈને આરોપી પકા ચીનીને દબોચી લેવામાં આવ્યો હતો. પ્રકાશ ઉર્ફે ચિની નો ગુનાઈત ઈતિહાસ જોતા તે હત્યાના ગુનામાં આજીવન કેદની સજા હેઠળ સેન્ટ્રલ જેલમાં હતો. જામીન પર છૂટ્યા બાદ તેણે ખંડણી અને હથિયારથી ફાયરિંગ કરી હત્યાનો પ્રયાસ કરવા સહિતના ગંભીર ગુનાઓ આચર્યા છે. તે કાચા કામના કેદી તરીકે સાબરમતી સેન્ટ્રલ જેલમાં હતો તે દરમિયાન ૨૫ મે થી ૭ જુન સુધીના દિન ૭ ના જામીન ઉપર મુક્ત થયો હતો અને પાંચમી જૂને જેલમાં પરત હાજર થવા છતાં તે હાજર થયો ન હતો અને ભાગી છુટયો હતો. ફરાર થઈ ગયેલા આ કેદી પકા ચીનીને એલસીબીની ટીમે પકડી પાડીને સાબરમતી સેન્ટ્રલ જેલ મોકલી આપી તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળા ખાતે ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ યોજાયો

ચિલોડા, તા.૨૦

રાજય સરકાર દ્વારા ઓરી-રૂબેલા રસીકરણ અભિયાન ૧૬મી જુલાઈથી શરુ કરાયું છે. જેમાં વિદ્યાર્થીઓને રસી મુકાવી ગાલપચોળાના રોગોને નાબુદ કરી રોગ મુકત કરવાના આ રસીકરણ ઝુંબેશમાં ૯ માસથી ૧૫ વર્ષ સુધીના બાળકોને તેમજ આગામી પેઢીને સ્વસ્થ નિરોગી બનાવવાનું બીડું ઝડપ્યું છે. રસીકરણ અભિયાન અંતર્ગત ગાંધીનગર તાલુકાના ચિલોડા સ્થિત ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળા ખાતે આરોગ્ય કેન્દ્રની ટીમ દ્વારા ઓરી-રૂબેલા રસીકરણ કાર્યક્રમ હાથ ધરાયો હતો. આ પ્રસંગે ફીમેલ હેલ્થ વર્કર કે.એસ. પટેલની ટીમ સાથે શાળાના

૨૫૦થી વધુ બાળકોને ક્રમશઃ રસી આપવામાં આવી હતી. રસીકરણ સાથે પ્રમાણપત્રો એનાયત કર્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય ચીમનભાઈ પટેલ તથા શાળા પરિવારે ઉપસ્થિત રહીને બાળકોને પ્રોત્સાહન પુરું પાડયું હતું.

ગાંધીનગર બેતાલીસ ગામ વણકર સમાજની સામાન્ય સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર વસાહતી બેતાલીસ ગામ (પાંચ ગોળ) વણકર સમાજ ગાંધીનગરની ત્રીજી વાર્ષિક સામાન્ય સભા તા. ૨૮મી જુલાઈએ સવારે સાડા નવ વાગે ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન ગાંધીનગર ખાતે યોજાશે. આગામી ૩ વર્ષ માટે નવીન કારોબારી રચવાની હોઈ સમાજના સર્વે સભાસદોને પધારવા મહામંત્રી ડૉ. એ.એસ. સોલંકીએ જણાવેલ છે.

ઘનિષ્ટ વનીકરણ ઝુંબેશ - ૨૧૦૮ અન્વયે ગેજીયા અને જીઆઈડીસી દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગુજરાત સરકારે ઘનિષ્ટ વનીકરણ માટે હરિયાળુ પખવાડીયુ ઝુંબેશ-૨૦૧૮ નું આયોજન કરેલ છે તે અનુંસંધાને ગેજીયા-ગાંધીનગર ઈલેક્ટ્રોનિક્સ ઝોન ઈન્ડ્સ્ટ્રીઝ એસોસીએશન અને જી.આઈ.ડી.સી. દ્વારા ઈલે.ઝોનમાં આજ રોજ તા.૨૦.૭.૨૦૧૮ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે વૃક્ષારોપણ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો અને ગેજીયાના પ્રમુખ ડો. સમીર ત્રીવેદી, અત્રેની જીઆઈડીસી કચેરીના પ્રાદેશિક મેનેજર શ્રીમતી પ્રાથીબેન, નાયબ કાર્યપાલક ઈજનેર શ્રીમતી અલકાબેન ત્રિવેદી તથા ગેજીયાના ઉપ-પ્રમુખશ્રી ચાણકયભાઈ પટેલ, સેક્રેટરી નિતેષભાઈ પટેલ , પુર્વ પ્રમુખશ્રીઓ રાહુલભાઈ મહેતા, એચ.એમ.પટેલ અને ચિંતનભાઈ પટેલ દિપકભાઈ મહેતા, રાકેશભાઈ પટેલ, રજનીભાઈ કણસાગરા વગેરે મેમ્બરશ્રીઓ ખુબ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને જી.આઈ.ડી.સી વિસ્તારમાં વધુને વધુ વૃક્ષો રોપી તેનો ઉછેર કરવાનો સંકલ્પ લીધો હતો.

રિક્ષામાં આવેલી ત્રિપુટી ૬૦ વર્ષિય વૃદ્ધાને છેતરીને તેમના દાગીના લઈ ગઈ

અડાલજ પાટનાકૂવા પાસે બનેલી ઘટના : રડતા રડતા પૈસાની જરૂર હોવાના નાટક કરી ચિટરો રૂ. ૫૦૦નુ બંડલ કહીને વૃધ્ધાને કાગળના ડૂચા પધરાવી ગયા ને દાગીના લઈ ગયા

ગાંધીનગર, તા.૨૦

અડાલજના પાટનાકૂવા વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં રહેતા વૃદ્ધાને ટાર્ગેટ કરીને રિક્ષામાં આવેલી ત્રિપુટીએ વૃદ્ધાને વિશ્વાસમાં લઈ છેતરી નાંખ્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ત્રિપુટી ચિટરોએ રડતા રડતા તેમને રૂપિયાની હાલ ખુબ જરૂર હોવાના નાટકો કરીને વૃદ્ધાને ભોળવી નાખી હતી અને રૂ.૫૦૦ નું બંડલ કહીને કાગળના ડુચા પધરાવી દઈ વૃદ્ધાએ પહેરેલા દાગીના લઈ લીધા હોવાની ઘટના બનવા પામી છે. દાગીના લઈને વૃદ્ધાને છેતરી ત્રિપુટી ફરાર થઈ ગઈ હતી. આ મામલે વૃદ્ધાની ફરિયાદને આધારે અડાલજ પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કરી રિક્ષાના નંબરને આધારે ત્રિપુટી સુધી પહોચવા કવાયત શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ૧૬ તારીખે અડાલજના પાટનાકૂવા વિસ્તારમાં આવેલી શિવ શક્તિ સોસાયટીમાં રહેતા વૃદ્ધા વીણાબેન પ્રહલાદભાઈ વાણંદ બપોરના અરસામાં દૂધની કોથળી લઈને ઘર તરફ જઈ રહ્યા હતા. દરમિયાન જીજે ૧૮ એ.એક્સ ૫૧૮૩ નંબરની પેસેન્જર રીક્ષામાં ત્રણ વ્યક્તિઓ તેમની પાસે આવ્યા હતા અને તેમને ટાર્ગેટ કરીને વૃદ્ધાને વિશ્વાસમાં લેવાનું શરૂ કર્યું હતું. રડવાના નાટક શરૂ કરી દીધા હતા અને પોતાના હાલ પાટણ જવું છે અને પૈસાની ખુબ જરૂર છે તેવું કહીને વૃદ્ધા વિનાબેનનુ ધ્યાન પોતાની તરફ ખેંચી લોભામણી વાતો શરૂ કરી દીધી હતી. ત્રિપુટીની વાતોમાં લલચાઈ જઈને વાતોમાં આવી ગયેલા વીણાબેન તેમની વાતોમાં રસ લેવા લાગ્યા હતા. ત્યારબાદ ત્રિપુટીએ તેમને કહ્યું કે અમે તમને રૂ.૫૦૦ નુ બંડલ આપીએ છીએ તમે દાગીના આપો. અમે દાગીના પરત કરવા ન આવીએ તો દાગીનાની કિંમત કરતા વધુ રૂપિયા તમને આપી દઈએ છીએ. બંડલ જોઈ ને વૃદ્ધા લલચાઈ ગયા અને પોતે પહેરેલા બંગડી સહિતના ૨૦ હજારની કિંમતનાં સોનાના દાગીના નીકાળીને તેમને આપી દીધા હતા. નોટોનું બંડલ આપીને વૃદ્ધાના દાગીના લઈ ત્રિપુટી રિક્ષામાં રફૂચક્કર થઈ ગઈ હતી. વૃદ્ધાએ ઘરે આવીને બંડલ ખોલ્યું તો ખબર પડી કે ઉપરની પહેલી નોટ જ રૂ.૫૦૦ની હતી. અંદર કાગળના ડૂચા ભરેલા હતા. રીક્ષામાં આવેલી ત્રિપુટી તેમને છેતરી ને તેમના દાગીના લઈ રફુચક્કર થઈ ગઈ હતી. વૃદ્ધાએ આ મામલે અડાલજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પીએસઆઈ ગોસ્વામીએ છેતરપિંડી અને વિશ્વાસઘાતનો ગુનો દાખલ કરીને ઊંડી તપાસ શરૂ કરી છે.

અંબર ક્રેડિટ સોસાયટીની વાર્ષિક સાધારણ સભા તા.૨૯મીએ યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ધી અંબર કો.ઓ. ક્રેડિટ એન્ડ સપ્લાય સોસાયટી લી. ગાંધીનગર દ્વારા તા. ૨૯મી જુલાઈએ સવારે નવ વાગે ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન સે-૧૨ ખાતે વાર્ષિક સાધારણ સભા રાખેલ છે. આ સભામાં સોસાયટીના તમામ સભાસદોને સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ ડૉ. અમૃતભાઈ સવાભાઈ સોલંકી દ્વારા જણાવાયું છે તેમજ જે સભાસદોને વાર્ષિક અહેવાલ ન મળ્યો હોય તેઓએ રૂબરૂમાં સોસાયટીના કાર્યાલય ખાતેથી મેળવી લેવા જણાવાયું છે.

ચિરવિદાય

- સ્વ. અલ્પેશકુમાર દિલીપકુમાર ત્રિવેદી, ઉ.વ. ૩૩
- સ્વ. લાડુબેન પ્રતાપજી ઠાકોર, ઉ.વ. ૧૦૨